# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૪ • તા.૨૭ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.








## દશાઈ જ્ઞાતિ સમાજ માટે ગૌરવની ક્ષણ :

# મોનિષા મૈશેરીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# આપણી કૂપમંડૂક અવસ્થા

પ્રકૃતિનું સર્જન પ્રભુએ કર્યું છે. વિવિધ તરેહના જીવ જંતુઓ, પ્રાણી, પશુઓમાં જીવ રોપી નદી-પહાડો, વૃક્ષ-વનરાઈ જંગલોમાં છૂટા છોડી દીધા છે. તે સાથે કર્મનું બંધન જોડી દીધું છે. સારૂં કરો અને સારૂં પામો. આમાંથી માત્ર માનવજીવને બુધ્ધિને વિચાર શક્તિનું વરદાન આપ્યું છે. જેથી ડગલેને પગલે જાણી સમજીને પોતાના કર્મ બાંધી શકે.

પ્રભુએ આપણને મબલખ આપ્યું છે પણ એમાં પણ આપણને સંતોષ નથી. હજી ઓછું છે, અધરું છે, કંઈક ખૂટે છે ની તરસથી ફાંફાં મારીએ છીએ. કુદરતે જે સોહામણી સૃષ્ટિ આપી છે તે છોડીને કૃત્રિમ રીતે જીવીએ છીએ. પ્રકૃત્તિએ આપેલા સોહામણા સર્જનોને ઉપહાસ કરી તેનો દાટવાળીએ છીએ. પછીએ વન્ય સૃષ્ટિ હોય, સૂર્ય પ્રકાશ હોય, વાતાવરણની શુધ્ધતા હોય કે વરસાદનું પાણી હોય. આ દરેકને સાચવી એનું સંવર્ધન કર્યા વગર વેડફાટ કરીએ છીએ. એના માળખાનું, એના તત્વોનું સમૂળગું નાશ થાય એવા પ્રયત્નો કરીએ છીએ. દંભ, માન, અભિમાન સાથે પૂર્વગ્રહના કોચલામાં આપણે સૌ એકલાં જીવી રહ્યાં છીએ.

દરેકને પોતાનું અહંમ સંતોષવું છે. પોતાની જાતને બીજાથી અદકેરા માનીને દરેકને તુચ્છકારીએ છીએ. કોઈ આપણાથી આગળ નીકળી જાય એટલે ઈર્ષાથી બળી જઈએ છીએ. કોઈ આપણા વિચારને વાતને ગણકારે નહીં તો આપણે તેના વેરીની જેમ વર્તીએ છીએ. માન-સન્માન કે ગમતીલું પદ ન મળે તો આપણું મોઢું વંકાઈ જાય છે. હું કાંઈક છું તેવો ખ્યાલ જ ખરેખર દુ:ખનું કારણ છે. આપણને માન સન્માન મળે એ ખરેખર તો ધન, પદ અને સતા કે સંબંધને કારણે મળે છે પણ આપણે ફૂલીને મળતું સન્માન આપણું છે અને એ શાશ્વત રહેશે એવા ગુમાનમાં જીવીએ છીએ. માન, સન્માનના કારણો ન રહે ત્યારે જે સામેવાળાના મનમાં હોય એ હકીકતમાં આપણો એ કમાયેલો સંબંધ છે બાકી બધા દેખાડા, દંભ છે. મોટા ભાગના સંબંધો સ્વાર્થના હોય છે. સ્વાર્થ હોય ત્યારે દૂરના સગા પણ નજીક આવી ઈર્દ ગિર્દ ઘૂમતા રહે છે. જેવો સ્વાર્થ પૂરો થયો કે પડતીના દિવસો આવ્યા કે નજીક આવેલા દૂર ભાગવા દોટ મૂકે છે.

ઈશ્વરએ અકળ લીલા ભર્યા સંસાર વચ્ચે આપણને મૂક્યો છે. આપણે તો ઈશ્વરે રચેલી મહાવિશાળકાય સૃષ્ટિના અંશ માત્ર છીએ. તેને જાણવું સમજવું આપણા માટે અતિ મુશ્કેલ છે. અકળ ગૂઢ છે. આપણો અહં, અહંકાર સૃષ્ટિની સારી ને સાચી પરિસ્થિતિથી અજાણ રાખે છે અને અજ્ઞાનના ચકરાવામાં ચડાવી દે છે. મારા જેવું કોઈ નથી એવો ખ્યાલ આપણે સતત પોષતા રહીએ છીએ આ ઊંડા કૂવામાં વસતા દેડકા જેવી હાલત છે. જ્યારે કૂપમંડૂક પરિસ્થિતિમાંથી બહાર પડીએ છીએ ત્યારે જ સાચો ખ્યાલ આવે છે કે ધસમતા પાણીના પ્રવાહમાં આપણી હાલત તો તૃણના નાના તણખલા જેવી છે. જેનું કંઈ વજન નથી ને વજૂદ પણ નથી. જીવનનું સાચું અસ્તિવ પ્રેમ, મૈત્રી, સત્ય, સંપ, સંવાદિતતા, ભલમનસાઈ અને પરિશ્રમના મિશ્રણ જેવી છે. આ હકીકત જેટલી જલદી સમજાય એટલી સભાનતા આપણે રાખીએ.

– જય જ્ઞાતિમૈયા

# બદલાયેલો સમય સાચવીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ઘણીવાર જીવનમાં આવતા પ્રશ્નો અને તેના ઉકેલ માટેના જવાબ જો મજબૂત વિચારોથી આપીશું ત્યારે પોતાનામાં વિશ્વાસ વધુ આવશે. એક સારો, મજબૂત વિચાર, આખું જીવન પરિવર્તન લાવી શકે છે. જેનાથી જીવન જીવવાની નવી દિશા આપણામાં પ્રગટ થતી જોવા મળે છે. આજકાલ સંબંધો લાંબા સમય સુધી ટકતા નથી. એનું મુખ્ય કારણ છે મજબૂત મનનો અભાવ.

ચંચળ મન મનુષ્યની મોટી નબળાઈ છે. ધ્યેય વગરનું મન નિશ્ચિત પ્રયત્ન કરી શકતું નથી. જ્યારે બીજી તરફ એક મન પાસે કોઈ વિકલ્પ હોતો જ નથી. અમુક મિત્રો, પડોશીઓ કે સગા સંબંધી એવા હોય છે કે જેમની  સાથે એક ઉષ્માભર્યું જોડાણ અનુભાવ છે. એવા લોકો જ્યારે મળે ત્યારે પોઝિટીવ વાઈબ્સ ફીલ થાય છે. ક્યારે લાંબી વાતચીત તો ક્યારેક થોડા જ સંવાદો પણ ઘણું માનસિક રાહત આપી જાય છે. આવા આત્મીય મિત્રો સાથેની મુલાકાત આપણા હોવાનું ભાન કરાવી જાય છે તો ક્યારેક આપણી અંદર મુકાઈ ગયેલા સ્પંદનોને જીવંત કરી જાય છે. ફરીથી આપણી અંદર તાજગી આપવાનું કામ આવા મિત્રો જાણે અજાણે કરી જાય છે. સમાન વિચારસરણી ધરાવતા બે મિત્ર એકબીજાને વિકસિત કરવામાં વધારે મદદરૂપ બને છે. તેમણે મેળવેલું જ્ઞાન, પોતાના અનુભવોમાંથી મેળવેલી સમજણ તેઓ એકબીજા સાથે વહેંચતા રહે છે જે તેમના વિચારોને નવી દિશા પ્રદાન કરે છે. એકબીજાને જે લોકો ગમે છે કે એમના વિચારોને સમજણ મળે છે, ભળે છે તેવા લોકો એકમેકના હૂંફ બને છે. તેમનું સાંનિધ્ય હમેંશા પોતાની જાત મઠારવા માટે પ્રેરિત કરે છે. જેથી ખરેખર ઉર્જા સભર અનુભવાય છે. આવા હળતાભળતા લોકો એટલે જ છૂટા પડતા પહેલાં કહે છે ‘બી ઈન ટચ’ લોહીના સંબંધો કરતાં લાગણીના સંબંધો મજબૂત અને અખંડ હોય છે.

રૂબરૂ મુલાકાતો હવે નહીંવત થઈ ગઈ છે. મોબાઈલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વધતા જતા પ્રચારમાં સંબંધો માત્ર નામ માત્ર રહી ગયાં છે કે સીમિત રહી ગયા છે. કોઈ એક વ્યક્તિ સર્વસ્વ અર્પણ કરી દે તો પણ આપણે લાગણી કે હેતનો અહેસાસ થતો નથી, હૃદય ભીંજાતો નથી. હવે તો લાગણી, દુઃખ કે અફસોસ કે રાજીપો બતાવવા માટે માત્ર એક ઈમોજી મોકલી આપવાથી આપણો પ્રતિભાવ સામેવાળો સમજી જાય છે. આજના વધુ વપરાતા ઈલેક્ટ્રોનિક ગેઝેટ આપણને ઘણું બધું આપ્યું છે તો એની સામે કેટકેટલું બધું છીનવી લીધું છે. સ્નેહભાવ અલ્પ થઈ ગયો છે અને માનવી સ્વ કેન્દ્રિત થતો ગયો છે. ઈમોજી વાપરીને હકીકતમાં ખડખડાટ હસવાનું ભૂલી ગયો છે. ફાઈવજીની સ્પીડ ગેઝેટમાં વપરાય છે. પણ ઈન્સાન એકબીજા સાથે રૂબરૂ મળવા માટેની ગતિ ગુમાવી દીધી છે.

પ્રેમ, સમર્પણ, લાગણી, દુઃખ, અફસોસ આ બધું સોશિયલ મીડિયાએ આપણી પાસેથી છીનવી લીધું છે. જ્યારે જીવનમાં સુખ કે દુઃખના પ્રસંગોઆવે ત્યારે જ માત્ર ને માત્ર એક વ્યક્તિને બીજી વ્યક્તિની જરૂર પડે છે. ખુશીની લાગણી વહેંચવા માટે અને દુઃખના શોક સમયમાં કોઈના ખભાનો સહારો મળે એ જરૂરી છે. એ પણ હવે દુર્લભ થઈ જવા પામ્યું છે. સોશિયલ મીડિયાથી બહાર નીકળી સારાને સાચા મિત્રો અને પરિવારજનો સાથે મૂલ્યવાન સમય વીતાવી એ અને પ્રફુલ્લિત જીવન સર્જીએ.

# ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
ACBL Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score. Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# દશાઈ જ્ઞાતિ સમાજ માટે ગૌરવની ક્ષણ : મોનિષા મૈશેરીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો



તા.૨૬ જાન્યુઆરી શુક્રવારે રાષ્ટ્રનો ૭૫મો ગણતંત્ર દિવસ હતો. દિલ્હીમાં આ દિવસે પરેડ રાષ્ટ્રપતિ ભવન પાસે કર્તવ્ય પથ (રાજપથ) ખાતે હતી. રાષ્ટ્રીય તહેવાર પરંપરાગત યોજાતી ભવ્ય પરેડમાં નાની સિંધોડી-ડોંબિવલીના દિપ્તી અને કૃણાલ નવીનભાઈ મૈશેરીની પુત્રી અને પ્રવીણભાઈ ખોના બારોઈ-થાણાની દોહિત્રી મોનિષા મૈશેરી વંદે ભારત નૃત્ય માટે પસંદગી થઈ આ ગૌરવાન્તિ ઈન્વેટનો હિસ્સો બની શકી જે પરિવાર તેમજ જ્ઞાતિ માટે ગૌરવ છે તેણી પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભરતનાટ્યમ નૃત્ય પ્રસ્તુતિ કરવા માટે પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ અગાઉ જુલાઈ ૨૦૨૩માં ગ્રાન્ડ હયાત મુંબઈ ખાતે જી-૨૦ રાષ્ટ્ર સમૂહની RIIG સમિટમાંપણ દેશ વિદેશના ઉચ્ચ પ્રતિનિધિઓ સમક્ષ નૃત્ય પ્રદર્શન કરવાની તક મળી હતી. તેણીની મહેનત અને સમર્પણનું આ ફળ છે. આ સિધ્ધિ તેણીના માર્ગદર્શક ગુરૂઓ અને પરિવારના વડીલોના આશીર્વાદથી શક્ય બન્યું હોવાનું તેણીનું માનવું છે.

૧૯ વર્ષીય મોનિષા મૈશેરી હાલે પવઈની એસ.એમ.શેટ્ટી કોલેજમાં FYBBI નો અભ્યાસ કરી રહી છે. છેલ્લા એક દાયકાથી ભરત નાટયમ નૃત્ય શીખવા માટે સમર્પિત છે. જે આ નૃત્યકલામાં સિધ્ધ હસ્ત માટે પોતાને લીન કરી દીધી છે. ગુરૂ પવિત્રા ભટ્ટ સર અને શ્રીમતી અર્પણા શાસ્ત્રી ભટ્ટમેમના કુશળ માર્ગદર્શન હેઠળ તે પવિત્રા આર્ટ એન્ડ વિઝ્યુઅલ ઈન્સ્ટિટ્યૂટ- PAVI ડોંબિવલીમાં વિદ્યાર્થીની તરીકે અભ્યાસ કરી ચૂકી છે. જટિલ મુદ્દાઓથી લઈને અભિવ્યક્ત અભિનય અદા સુધીની દીર્ઘયાત્રા એ તેના જુસ્સાને શિલ્પી બનાવ્યો છે.

શાળાના દિવસોથી તે કલ્યાણ, ડોંબિવલી, મુંબઈ સ્તરે રાષ્ટ્રીય સ્તરની ક્લાસિકલ કેટેગરીમાં ભાગ લઈ રહી છે અને તેમાંથી ઘણી સ્પર્ધાઓ જીતી ચૂકી છે. તેણીએ વેસ્ટર્ન ડાન્સ કેટેગરીમાં પણ ભાગ લીધો છે અને તેના એકેડેમિક્સમાં પણ તેણીએ ઈનામો મેળવ્યા છે. શાસ્ત્રીય નૃત્યશ્રેણીમાં જે કેટલાક ઈનામો જીત્યાં છે તેમાં ૧) ડોંબિવલી જીમખાના ઈન્ટર સ્કૂલ (વર્ષ ૨૦૧૬) ૨) મુલુંડ ફાઈન આર્ટસ સોસાયટી નૃત્ય સ્પર્ધા (વર્ષ ૨૦૧૭) ૩) નૃત્યાંજલિ ફેસ્ટ ઈન્ટરસ્કૂલ સેન્ટ્રલ ઝોન (વર્ષ ૨૦૧૭,૨૦૧૯,૨૦૨૦) ૪) ડી.પી.મહિસ્કર ફાઉન્ડેશન IRB Nriya Jhankaar (વર્ષ ૨૦૨૦) ૫) અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ ABSS પુણે યુનેસ્કોના સતાવાર ભાગીદાર (રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૭, ૨૦૧૯) ૬) સપ્તરંગ ફેસ્ટ નાંદેડ (રાષ્ટ્રીય સ્તર વર્ષ ૨૦૧૮, ૨૦૧૯) ૭) સ્ટુડન્ટ ઓફ ઈયર કેડીઓ સ્ટુડન્ટસ એસોસિએશન કલ્ચરલ કેટેગરી (વર્ષ ૨૦૧૮,૨૦૧૯,૨૦૨૦) આ ઉપરાંત તેણીએ શાળા માટે અને યોગી સભાગૃહ દાદર ખાતે કેડીઓ સ્ટુડન્ટ એસોસિએશન માટે પ્રારંભિક કરતાં નૃત્ય રજૂ કર્યા છે. આ ઉપરાંત ત્રિપુરારી પૂર્ણિમાના દિને બાણગંગા મંદિર વાલકેશ્વરના મહાઆરતી

# દશાઈ જ્ઞાતિ સમાજ માટે ગૌરવની ક્ષણ : મોનિષા મૈશેરીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો






(વર્ષ ૨૦૨૨,૨૦૨૩) માટે પરફોર્મ કરાવનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. જેને તે આશીર્વાદ રૂપે માને છે.

તેણીની સાંસ્કૃતિક નૃત્યની આ ઐતિહાસિક ક્ષણોની સફર અતિ શ્રમ ભરી અને પડકારજનક રહી છે. પરંતુ તેની દ્રઢતા અને સ્વપ્નને સાકાર કરવાની ભાવના અને સમર્પણ ભાવ તેને સીમાચિન્હ સિધ્ધિ સુધી પહોંચવા તેણીના ગુરૂઓના અને વડીલોના આશીર્વાદ તેને મદદરૂપ થયાં છે.

આ વર્ષે પ્રજાસત્તાક દિવસ પરેડની થીમ નારી શક્તિ પર હતી. દશના વિવિધ રાજ્યોના વિશિષ્ટ નૃત્યશૈલી ૧૫૦૦ જેટલી નૃત્યાંગનાઓએ પ્રસ્તુત કર્યું હતું. જેમાં ભરત નાટ્યમ પ્રસ્તુતિ કરતી ટીમમાં મોનિષા સામેલ હતી.

મોનિષા મૈશેરીની આ સિધ્ધિ સફળતા માટે સમસ્ત મહાજન તરફથી હાર્દિક અભિનંદન અને ભવિષ્ય માટેની શુભકામના.



# શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૧૯-૮-૧૯૪૮

અરિહંતશરણ
તા.૨૭-૧-૨૦૨૪

## સ્વ. ખુશાલ લક્ષ્મીચંદ ધરમશી

### ગામ છાદુરા - હાલ હુબલી

સજ્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું,
સત્યકાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને
કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

-: શ્રધ્ધાસુમન :-

**માતુશ્રી નવલબેન લક્ષ્મીચંદ ધનજી ધરમશી પરિવાર, છાદુરા-હુબલી**
**માતુશ્રી લક્ષ્મીબેન વિશનજી હિરજી છેડા પરિવાર, નલિયા-મુલુંડ**
**માતુશ્રી કુવરબાઈ શામજી ધરમશી પરિવાર, સુથરી-બાગલકોટ**

# વર્ધમાનનગર પધારેલા જૈનાચાર્યશ્રીનું ભવ્ય સામૈયું કરાયું



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. પોતાના શિષ્ય પરિવાર સહ વર્ધમાનનગરની પાવન ભૂમિ પર પધારતાં વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

ઢોલ-શરણાઇ, શણગારેલા બેડા, ધ્વજા-પતાકા, દુપટ્ટા ધારી શ્રાવકો, બાંધણીમાં સજજ શ્રાવિકાઓ, સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. પૂજ્યશ્રીઓએ આદિનાથ સોસાયટી મધ્યે શીતલનાથ જિનાલયનાં દર્શન કર્યા હતા. ત્યાર બાદ વિમલનાથ જિનાલયનાં દર્શન કરી અચલગચ્છ ઉપાશ્રયે પહોંચી માંગલિક શ્રવણ કરાવતાં શ્રેણીક રાજાના જીવનનાં અનેક પાસાઓ વર્ણવ્યા હતા. ધર્મનાં માર્ગનો મહિમા અનેક દ્રષ્ટાંતો સાથે સમજાવ્યો હતો.

સ્વાગત યાત્રામાં વર્ધમાનનગર ઓનર્સ એસો. અધ્યક્ષ રાહુલ મહેતા, મંત્રી હસમુખ વોરા, દિપક લાલન, ભૂપેશ શાહ, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર  લોડાયા, દિલીપ મોતા, નીમેશ શાહ, કીરીટભાઇ શાહ, દર્શક શાહ, પંકજ નાગડા, દિપેશ શાહ, રાહુલ દંડ, નિરંજન શાહ તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.



## પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૬૫ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ તેરા ગામના માવિત્ર માતુશ્રી મોંઘીબેન ડુંગરશીભાઈ દંડના ધર્મ રંગમાં રંગાયેલા પુત્રી સંયમ જીવનના કોડ મનમાં ઉછેરી વિક્રમ સંવત ૨૦૧૫ પોષ સુદ તેરસ તિથિ દિને લાયજા ગામે પ.પૂ.મુનિરાજ શ્રી ચંદન સાગરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના નામથી ઓળખાતા સંયમ જીવનના ધર્મ માર્ગે વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ આરાધના કરતાં કરતાં આજે સંવત ૨૦૮૦ પોષ સુદી તેરસ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૬૫ વર્ષ સફળતાથી, સિધ્ધિપૂર્વક પૂર્ણ કરી ૬૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ સિધ્ધિ દિને એવો મંગલ ભાવ છે કે પૂજ્ય સાહેબ ધર્મ કલ્યાણ માર્ગ પર શાતા પૂર્વક આગળ વધતા અમૃત વર્ષ ઓળંગી શતક વર્ષ શિખરે બિરાજે. આ શુભકામના, ભાવના સાથે શત શત વંદના.

શ્રી ગોવર્ધનનગર અચલગચ્છ જૈન સંઘ, મુલુંડમાં પ.પૂ. હંસાવલીશ્રીજી મ.સા. (સંસારી પક્ષે તેરાના આણંદ પરીવાર)ની સં.૨૦૮૦, પોષ સુદ ૧૩ને તા.૨૩.૦૧.૨૦૨૪ ના ૬૫મી દીક્ષા તીથી નિમિત્તે સંઘમા ત્રિહાનિકા મહોત્સવ પ.પૂ.હંસાવલીશ્રીજી મ.સા.આદિ ઠાણા ૬ની નિશ્રામાં રૂડી રીતે સંપન્ન થયેલ.

પોષ સુદ ૧૦ શનિવાર તા.૨૦/૧/૨૪ સવારના ૯/૩૦ કલાકે વિરતી ધર્મની આરાધના-સમૂહ સામાઈક-નવકાર મંત્ર જાપનું આયોજન થયું. પોષ સુદ ૧૧ રવિવાર તા.૨૧/૧/૨૪ સવારના ૬/૩૦ કલાકે શ્રી પદ્મ પ્રભ ગૃહ જિનાલયમાં શક્રસ્તવ અભિષેકનું આયોજન થયું. પોષ સુદ ૧૨ સોમવાર તારીખ ૨૨/૧/૨૪ સવારના ૯/૩૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ઉપાશ્રયમાં ભણાવવામાં આવી.

ત્રણે દિવસ એમના શિષ્યા પુ. સાધ્વી શ્રી ચંદ્રશીલા શ્રી જી મ. સા. સરસ વ્યાખ્યાન આપ્યાં. એમની ૬૫ મી સંયમ તિથી નિમિત્તે સર્વ સાધારણ ફંડમા રૂ. ૬,૫૦૦/-ના ૧૮ નામ નોંધાયા.

પરમ ઉપકારી એવા પૂજ્યશ્રીની ૬૫ મી દિક્ષા તિથીની ઉજવણીમા સંઘના સભ્ય પરિવારો ઉલ્લાસ પૂર્વક જોડાયા.

ત્રણ દિવસ દહેરાસર મા પ્રભુ ની સુંદર અંગરચના કરવામાં આવી. શ્રી ગોવર્ધન નગરમાં સાહેબજી આદિ ઠાણા ૬ની ૧૪ દિવસ ની સ્થિરતા રહી.

શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ માં વર્તમાન ચાર ટ્રસ્ટીઓમા બે કેડીઓ ટ્રસ્ટીઓ શ્રી રાયચંદ નરશી દંડ (સાંધવ) તથા શ્રી દીપક ગંગાજર ડાઘા (વરાડીયા) છે.

## પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૨મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૬૯ પોષ સુદ ૧૨ તિથિ દિને કોઠારાના માવિત્ર દમયંતીબેન જયચંદ હીરજી લોડાયાના ગુણ સંસ્કાર સિધ્ધ સુપુત્રી મુલુંડ પૂર્વ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.નામ સ્વીકારી સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

આજે સંવત ૨૦૮૦ પોષ સુદ ૧૨ તિથિ દિને પૂજ્ય સાહેબ જપ, તપ, ધર્મ આરાધના કરતાં કરાવતાં અગિયાર વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનકાળના બારમા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે સૌના અંતરની લાગણી છે કે પૂજ્ય સાહેબજી અવિરત આગળ વધતા સુખરૂપે રજત, સુવર્ણ, હીરક, અમૃત વર્ષને પાર કરી શતક શિખરે બિરાજે એ શુભકામના સહ વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી તીર્થંકર ગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૭ વર્ષમાં પ્રવેશ થયો



વિક્રમ સંવત ૨૦૬૪ પોષ વદ ૨ તિથિ દિને બગડાના માવિત્ર નયનાબેન રમેશભાઈ દેઢિયાના સદ્‌ગુણી, સંસ્કારી અને ધર્મપ્રેમી સુપુત્રી પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના હાથે મલાડ-મુંબઈ નગરે દીક્ષા ગ્રહણ કરી. પ.પૂ.સાધ્વીશ્રી યશોગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી તીર્થંકર ગુણાશ્રીજી મ.સા.ને નામેની ઓળખ સાથે સંયમ જીવનનો પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં વિક્રમ સંવત ૨૦૮૦ના પોષ વદ ૨ તિથિ દિને સાહેબજીએ સંયમ જીવનના સોળ વર્ષ સફળપણે પૂર્ણ કરી સતરમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે હૈયે એ મંગળ ભાવ છે કે પૂજ્ય સાહેબનું આગામી સંયમ જીવન રજતથી આગળ વધી સુવર્ણ, હીરક અને અમૃત વર્ષની સિદ્ધિ પ્રાપ્ત કરતાં આગળ વધી શતક વર્ષના શિખરે બિરાજે.

# અતીતના આયનામાં રાપર ગઢવાળી નગરનો ઉજળો ઈતિહાસ

રાપર ગઢવાળી-કચ્છની ધર્મધરા પર બેનમૂન કોતરણીયુક્ત જાજરમાન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલય શ્રી પાર્શ્વ-શાન્તિ પ્રાસાદની પુનઃપ્રતિષ્ઠાના ઐતિહાસિક મહોત્સવ તા.૨૨ ફેબ્રુઆરીથી ૨૫ ફેબ્રુઆરીના ઉજવાશે.

ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાથી ૨૬ કિ.મી અને અરબી સમુદ્રના કાંઠાથી ફક્ત ૩ કિ.મી. દૂર આવેલું ગામ એટલે રાપર ગઢવાળી ધર્મથી ધબકતી આ ધરતી પર વિ.સં.૧૯૫૦, પોષ વદ ૫, શુક્રવાર, તા.૨૬.૦૧.૧૮૯૪ ના માતુશ્રી લીલબાઈ ચાંપશી હીરજી મૈશેરી તથા તેમના પુત્ર શ્રી ભવાનજી ચાંપશીએ શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પ્રભુજીનું જિનાલય નિર્માણ કરી ૨૧ ઈંચના પ્રતિમાજી બિરાજમાન કર્યા. અહીં પાષાણના ૬, ધાતુના ૩ તથા ચાંદીના ૫ પ્રતિમાજી પણ શોભી રહ્યા છે.

વિ.સં.૧૯૮૮, વૈશાખ સુદ ૧૩, બુધવાર, તા.૧૮.૦૬.૧૯૩૨ ના શ્રી ગોવિંદજી લખમશી માડણ લોડાયા સુથરીવાલાએ પણ પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી છે. રાપરના શ્રી ટોકરશી માણેકે દેરી બંધાવી પ્રભુ મહાવીરસ્વામીની પ્રતિમા પધરાવી છે. કાળક્રમે વિ.સં.૨૦૫૪માં તમામ પ્રતિમાજીઓનું ઉત્થાપન કરીને જિનાલયનું સમારકામ કરવામાં આવ્યું હતું. વિ.સં.૨૦૫૪, જેઠ સુદ ૧૦, તા.૦૪.૦૬.૧૯૯૮ ના વિધિવત્ પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

અબડાસાની નાની પંચતીર્થીમાં આ ગામનો સમાવેશ થતાં યાત્રિકોનું આવાગમન પણ સતત વધતું ગયું છે. અહીં જ્ઞાનશાળા, ધર્મશાળા, ભોજનશાળા આદિ પણ વિધમાન છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# એન્જિનિયરીંગ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રીમતી પ્રીતિબેન લોડાયા પીએચડી ઉપાધિ મેળવી




માતુશ્રી કાશ્મીરાબેન ખેતશી ઠાકરશી ધરમશી કોઠારાના પુત્રી અને સાંયરા-કાંજુરમાર્ગના શ્રીમતી પ્રીતિબેન નિરેન કલ્યાણજી લોડાયા પારૂલ યુનિવર્સિટી વડોદરા ગુજરાતથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં પી.એચ.ડી.થી સન્માનિત થયા છે.

તેઓ છેલ્લા ૧૭ વર્ષથી એન્જિનિયરિંગ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છે. તેમણે પી.એચ.ડી.પ્રોજેક્ટ પર ઈન્ટરનેશનલ પબ્લિકેશન્સમાં ૧૦ પેપર પ્રકાશિત કર્યા છે. જેમાંથી એક પેપરનો વિષય ઈકો ફ્રેન્ડલી પેપર બેટરી ફેબ્રિકેટ છે જે પેટન્ટ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઈન્ડિયાના પેટન્ટ માટે છે. તેઓ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલીકોમ્યુનિકેશન વિષયમાં નિપુણતા ધરાવે છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ અંતરથી અભિનંદન આપીએ છીએ.

# શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવણીમાં કર્મ અને કનેષક દીપેશ શાહ એ શ્રી રામચંદ્રજીની વેશભૂષા કરી





ભૂજના ભાગોળમાં આવેલા વર્ધમાન નગરમાં શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં માધાપરની ગોરસિયા સ્કૂલમાં અભ્યાસ કરતાં ૧૦ દસ વર્ષીય કર્મ અને કનેષક દીપેશ શાહએ શ્રી રામચંદ્રજીની વેશભૂષા ધારણ કરી જોનારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બંન્ને ભાઈઓ કોઠારા-વર્ધમાન નગરના, માનવ જ્યોત ભુજના તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને મીડિયા કમિટીના મેમ્બર પ્રબોધ હીરાચંદ મુનવરના પૌત્ર છે. કનેષક શાહ ઢોલ, તબલા-બેન્ડ વગાડવામાં માસ્ટરી ધરાવે છે.



# કુ.ચાંદની મોમાયા કોલેજ કલ્ચરલ નાઈટમાં ગ્રુપ ડાન્સ અને કોરિયોગ્રાફી માટે ઈનામ વિજેતા થયા

વરાડિયા મુંબઈના શ્રીમતી તારિકા સંતોષ શાંતિલાલ પાશ્વીર મોમાયાના પુત્રી કુમારી ચાંદની એલ.એસ.રાહેજા સ્કૂલ ઓફ આર્કિટેક્ચર મુંબઈમાં B.Arch. ફર્સ્ટ ઈયર કોર્સમાં અભ્યાસ કરતા તા.૨૪ જાન્યુઆરી બુધવારના કોલેજ કલ્ચરલ નાઈટમાં ગ્રુપ ડાન્સ અને કોરિયોગ્રાફી માટે બીજુ ઈનામ મેળવ્યું. આ સિધ્ધિ મેળવવા બદલ હાર્દિક અભિનંદન.

# સંજીવની કેસ અરજી નં.૧૨૮ માટે રૂા.૬૬ હજાર જમા થઈ ગયા




કોઠારા-કોચીનના ૭૦ વર્ષીય રતનબેન વાલજી ધરમશીને પિતાશયની તકલીફ થતાં પિતાશય દૂર કરવાની સર્જરી જરૂરી હતી. તેઓ વર્ષો સુધી સિલાઈ મશીન ઉપર કામ કર્યું છે. તેઓ એકલા હોવાથી ડોંબિવલીમાં એક માત્ર પુત્રી પાસે આશ્રય લીધો છે. જે તેમની સંભાળ લે છે. તેમના ઈલાજ માટે રૂા.૬૬ હજારનો અંદાજિત ખર્ચ ડોક્ટર દ્વારા અપાયો છે. કોઈ કમાણી નથી કે નથી કોઈ બચત કે વીમાનો પીઠબળ.

સારવાર રકમ ખર્ચની જરૂરિયાત માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની અંતર્ગત અરજી કરી. જેનો સંપૂર્ણ અભ્યાસ અભિપ્રાય લઈ મદદ માટે ભંડોળ જમા કરવા ક્રાઉડ ફંડિંગ માટે મૂકાયો અને ટૂંકા ગાળામાં જરૂરિયાતની રકમ જમા થઈ જતાં સદર અરજીનો કેસ ક્રાઉડ ફંડિંગમાંથી પરત લઈ લેવાયો છે.

વડીલ રતનબેનના કપરા કાળમાં સધિયારો બનનારા સૌ ઉદારદિલ દાતાઓ શ્રેષ્ઠીઓ, મહાજન, એકમ અને સંસ્થાઓની અનુમોદના-અનુમોદના.

# કચ્છી ભવન અમદાવાદમાં દિક્ષા સમારોહ તથા રાયચંદ ધરમશી ભવનના ભૂમિપૂજન સમારોહની આમંત્રણ પત્રિકા લેખન કંકુછાંટણા કરી કરાયા






તા.૧ માર્ચથી તા.૩ માર્ચ સુધી ત્રિદિવસીય જિન ભક્તિમય મહાભિનિષ્ક્રમણના મહોત્સવ અવસરે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત નિર્માણધીન શેઠ રાયચંદ ધરમશી ભવનના ભૂમિ પૂજન સાથે જખૌ-જલગામના મુમુક્ષુ શ્રી રાજેશભાઈ ગુલાબચંદ હંસરાજ મોમાયાના દિક્ષા મહોત્સવની આમંત્રણ પત્રિકા લેખન કંકુછાંટણા કરી ભવ્ય ઉત્સાહ સાથે ધર્મપાટનગર અમદાવાદના કચ્છી ભવન પાલડી મધે કરાયા.






**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કેરળ રાજ્યના બડગરા સંઘના શ્રી વિમલનાથ જિનાલયની રજત વર્ષ ઉજવણી આમંત્રણ પત્રિકાનું લેખન કંકુ છાંટણા કરી કરાયા





કેરળ રાજ્યના બડગરા નગર સંઘમાં કચ્છી જૈન સમાજના ઘર જૂજ સંખ્યામાં હોવા છતાંય દરેક શુભ પ્રસંગોની ઉજવણી અતિ આનંદ અને ઉત્સાહથી ભવ્યતાથી કરાય છે. સંઘના શ્રી વિમલનાથ જિનાલયના રજત વર્ષ અવસરે ત્રિહાન્હિકા મહોત્સવની આમંત્રણ પત્રિકા લેખન કંકુ છાંટણા કરીને કરાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉપસ્થિત રહી હરખ ભાવ સાથે કાર્યક્રમમાં જોડાયા હતા.

# રાયપુર નગરના શ્રી કુંથુનાથ જિનાલયમાં અયોધ્યા શ્રી રામચંદ્રજીની પ્રાણ પ્રતિષ્ઠાનો ઉત્સાહ મનાવાયો





તા.૨૨ જાન્યુઆરી સોમવારના ઉત્તર પ્રદેશના અયોધ્યા તીર્થે નૂતન મંદિરમાં પ્રભુ શ્રી રામચંદ્રજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરાઈ. જેનો ઉત્સાહ આનંદ સમગ્ર દેશ સહિત વિશ્વમાં વસતા સનાતન ધર્મીઓએ ઉત્સાહથી વિવિધ કાર્યક્રમો કરી આનંદ ઓચ્છવ મનાવ્યો.

આ ખુશહાલ ભાવ સાથે જોડાઈ છતીસગઢ રાજ્યના રાજધાની શહેર રાયપુર સંઘના શ્રી કુંથુનાથ જિનાલયની અદ્‌ભૂત રીતે લાઈટ રોશનીથી સજાવટ કરાઈ હતી. વિવિધ કલરની ભાત થોડા થોડા સમય પછીથી આપોઆપ બદલાતી જતી હતી. આ શોભા શણગાર સૌનું મન મોહી લીધું હતું. સંઘના દરેકે દરેકના ઘર દીઠ લાડુની પ્રભાવના સૌ મંજુલાબેન કુલીનકાંત જૈન પરિવાર જખૌ-રાયપુર તરફથી થઈ હતી. સંઘ દ્વારા દાતા પરિવારની અનુમોદના કરાઈ હતી.

## યવતમાલ સંઘના શ્રી કુંથુનાથ સ્વામી જિનાલયની વર્ષગાંઠ વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ






તા.૨૬ જાન્યુઆરી શુક્રવારના રોજ યવતમાલ નગર સંઘમાં શ્રી કુંથુનાથ સ્વામી જિનાલયની વર્ષગાંઠે અવસરે વિધિકાર ચિરાગ ખુશાલ સંગોઈના સંગીતના સથવારે શ્રી અઢાર અભિષેક પૂજન તથા શ્રી સતરભેદી પૂજા ધર્મ ભાવપૂર્વક સાથે કરાઈ.

---

## કુમારી તત્વિકા ભાવેશ લોડાયાએ સ્ટેટ સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો






વારાપધ્ધર-હૈદ્રાબાદના કુ. તત્વિકા ભાવેશ મણિલાલ લોડાયા તા.૨૪ અને ૨૫ જાન્યુઆરીના હૈદ્રાબાદમાં યોજાયેલ ૬૭મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન તેલગંણા સ્ટેટ સ્કેટિંગ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ભાગ લેતાં ૧૦૦૦ મીટર કવાડ રિંક ઈવેન્ટમાં સિલ્વર મેડલ અને ૩૦૦૦ મીટર કવાડ રોડ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ વિજેતા થઈ, તેણી અન્ડર ૧૯ વય કેટેગરીમાં રાંચીમાં યોજાનારી નેશનલ સ્કૂલ ગેમ્સમાં તેલગંણા રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે ક્વોલિફાય થઈ છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

---

## પ.પૂ.સાધ્વીશ્રી ચન્દ્રગુણાશ્રીજી મ.સા.ના ૭૯ ઓળીનું પારણું સંપન્ન થયું



પ.પૂ.સાધ્વીશ્રી ચન્દ્રગુણાશ્રીજી મ.સા.નું ગિરનાર તીર્થ ખાતે ૭૯ ઓળીનું પારણું ૯૯ યાત્રામાં ચોવીઆરી છઠ સાથે દાદાની ૦૭ જાત્રા કરી પ.પૂ.સાધ્વીશ્રી તપોગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે સંપન્ન થયું.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સુશીલાબાઈ ધુલ્લા**
તા.૨૧ જાન્યુ. (ઉ.૯૧)
સુથરી-ખંડવા



**ઠાકરશીભાઈ મોતા**
તા.૨૨ જાન્યુ. (ઉ.૯૨)
રાપરગઢવારી-ભાંડુપ



**ખુશાલભાઈ મોમાયા**
તા.૨૩ જાન્યુ. (ઉ.૭૪)
વરાડીયા-મુંબઈ



**ભાવનાબેન ખોના**
તા.૨૪ જાન્યુ. (ઉ.૬૧)
રંગપુર-બોરીવલી



**નિતીનભાઈ જૈન**
તા.૨૫ જાન્યુ. (ઉ.૮૦)
મંજલ રેલડીયા-મુલુંડ



**ખુશાલભાઈ ધરમશી**
તા.૨૭ જાન્યુ. (ઉ.૭૫)
છાદુરા-હુબલી



**વિનોદભાઈ નાગડા**
તા.૨૭ જાન્યુ. (ઉ.૭૪)
તેરા-નિઝામાબાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● અબડાસા તાલુકાના હેરિટેજ ગામ તરીકે પ્રખ્યાત તેરા ગામે સાત હજાર જેટલા વિવિધ પુસ્તકોનો ખજાનો ઉપલબ્ધ છે. જેમાં ધાર્મિક નવલકથા, લઘુકથા, જીવન ચરિત્ર જેવા વિષયોની રચના સહિતનો ભંડાર છે. છેલ્લા આઠેક વર્ષથી સોમૈયા લાયબ્રેરી જેમાં કચ્છી, ગુજરાતી, હિંદી તેમજ ઈંગ્લિશ ભાષાના પુસ્તકો છે જે સંભવત આખા અબડાસા તાલુકાના કોઈ પુસ્તકાલયમાં નહીં હોય. આ પુસ્તકાલયનો ઉદ્દેશ આજના ભૂલકાઓ મોબાઈલમાં સમય બગાડવાના બદલે આ પુસ્તકાલયમાં આવે તે રહેલો છે. મુંબઈ સ્થિત સોમૈયા ટ્રસ્ટ જે મૂળ તેરા ગામના પ્રખ્યાત સાકર ઉદ્યોગના માંધાતા ઉદ્યોગપતિ કરમશી જેઠાભાઈ સોમૈયા પરિવાર હસ્તકનું છે. જેના ટ્રસ્ટી સમીરભાઈ સોમૈયા મુંબઈ તથા મિતેનભાઈ સચદે આદિપુર છે. આ ટ્રસ્ટની અબડાસાના ૧૦ ગામમાં લાયબ્રેરી શરૂ કરવાની નેમ છે.

● ભુજના પરાં સમાન માધાપર ગામમાં હવે પીકલબોલ રમત પ્રથમ વખત સર્વોદય સ્પોર્ટસ માધાપર ખાતે દરરોજ રમતા જોવાય છે. આમ તો આ રમત યુ.એસ.એ.માં વધુ રમાય છે. તે બાદ યુરોપના દેશોમાં અને ભારતની મેગા સિટીમાં જોવા મળે છે. ઓલ ઈન્ડિયા પીકલબોલ એસોસિએશન માન્ય ૩ હજાર મેમ્બર હાલમાં છે. મૂળ માધાપરના એન.આર. આઈ. લોકો વધુ પ્રમાણમાં આવતા હોય છે. ત્યારે આ રમત માધાપરમાં ચાલુ થઈ ધીરે ધીરે ૨૦ જેટલા યુવાન પીકલ બોલ ગેમ્સ રમે છે. પીકલ બોલની રમત છે. જેમાં ટેબલ ટેનિસના રેકેટથી પીકલ બોલનું રેકેટ મોટું હોય છે અને લોન ટેનિસની રમત કરતા આનો બોલ વજનદાર હોય છે. તેનું ગ્રાઉન્ડ લોન ટેનિસ કરતાં નાનું હોય છે. જેથી નાની ઉંમરના બાળકોથી લઈ ૮૦ વર્ષની વૃધ્ધો આ રમત રમી શારિરીક ક્ષમતા વધારી શકે છે. સિંગલ તેમજ ડબલમાં રમત રમાય છે. સૌ પ્રથમ યુએસએના વોંશિગ્ટનમાં આ રમત શરૂ થયેલી. જે હવે ભારતના મેગા સિટીની કલબોમાં ધીરે ધીરે લોકપ્રિય થઈ રહી છે.

● જિલ્લામાં એચ.આઈ.વી.ની સારવાર લેતા દર્દીઓની સંખ્યા ત્રણ હજાર નજીક પહોંચી છે. ત્યારે એક મહત્વનું તારણ એ નીકળીને સામે આવી રહ્યું છે કે એઈડસ એ એવો રોગ છે. જેમાં સારવારની સાથો સાથ માનવીય હૂંફની એટલી જ જરૂર પડે છે. એચ.આઈ.વી.થી ઓળખાતા અતિ સૂક્ષ્મ વાયરસથી એઈડસ થાય છે. આજના સમયમાં એઈડસ સમગ્ર માનવજાત સામેની સામાજિક રીતે મોટામાં મોટી સમસ્યા છે. ભારતમાં ચેન્નાઈમાં ૧૯૮૫ની સાલમાં પ્રથમ કેસ એચઆઈવીનો નોંધાયો હતો. તો કચ્છમાં એઈડસનો પહેલો કેસ ૧૯૯૨માં નોંધાયો.

● વિદેશોમાં વસતા ૧૦ લાખથી વધુ કચ્છીઓને આવન જાવનમાં ઝડપ અને સુગમતા રહે તે માટે કચ્છને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હવે સત્વરે આપવું જરૂરી છે તેવી ગ્લોબલ કચ્છ ફેડરેશન ભારત સરકાર સમક્ષ રજૂઆત કરી છે. કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી, અન્ય મંત્રીઓ, રાજ્ય સરકારના મંત્રીઓ સમક્ષ એકથી વધુવાર તેમજ દિલ્હી ખાતે આ અંગે વારંવાર માંગણી મૂકાઈ છે.

● રાતા તળાવ સ્થિત વાલરામજી પાંજરાપોળમાં આશરો લેતાં પાંચ હજાર જેટલા ગૌવંશની સેવા સારવાર નિહાળવા વલસાડથી આવેલા દાતા તથા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ સાથે રાજકીય આગેવાનો સમક્ષ અત્રેના પાંજરાપોળની પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. સૌ મુલાકાતીઓએ કચ્છીઓની જીવદયા પ્રવૃત્તિને બિરદાવી કચ્છની દિલેરીનો જોટો ક્યાંય ન હોવાનું કહ્યું હતું. સંસ્થાને મોટું દાન આપી ચૂકેલા વલસાડના કચ્છી યુવા આગેવાન દિપેશભાઈ ગજરા અને અન્ય સૌ સમક્ષ પાંજરાપોળના સ્થાપક મનજીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે પાંજરાપોળના દરેક પશુઓને અલગ અલગ રીતે તારવીને રાખવામાં આવે છે. સશક્ત હોય છે તેમને અલાયદા તેમજ બીમાર કે અપંગ ગૌવંશને અલગ વિભાગમાં રાખી સેવા સારવાર કરવામાં આવે છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA